જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૨/૨૦૧૫ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૭૮/૧૫**

**અજાણ્યા પેસેન્જરોને સુમસામ જગ્યાએ લઇ જઇ લુંટી લેતા અને પ્રતિકારના બદલે મોત નિપજાવતી ગેંગને બનાવના ૨૪ કલાક પહેલા ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,**

ગઇ તા.૨૧.૨.૧૫ ના રોજ મધરાતના દોઢેક વાગ્યાના સુમારે ગીતામંદીર એસટી સ્ટેન્ડ ખાતે શિકારની રાહ જોઇ બેસેલા આરોપીઓએ પુર્વ આયોજીત કાવત્રુ રચી કાલુપુર રેલ્વે સ્ટેશન જવા માટે રીક્ષામાં બે પેસેજન્રો જેમાં ઉત્તરાખંડના વતની એવા હરેન્દ્રસીંગ અર્જુનસીંગ રાવત તથા અનુપસીંગ વિરેન્દ્રસીંગ રાવત નાઓને ગીતામંદીર એસ ટી સ્ટેન્ડથી કાલુપુર રેલ્વે સ્ટેશન જવા માટે રીક્ષામાં બેસાડી થોડેક દુર જતા ડ્રાઇવરની સાથેના અન્ય બે સાગરીતો પેસેન્જર તરીકે રીક્ષામાં ગોઠવાઇ જઇ આરોપી રીક્ષા ચાલકે કાલુપુર રેલ્વે સ્ટેશનની જગ્યાએ પાલડી થઇ સુએજ ફાર્મ પાસે આવેલ ગ્યાસપુર તરફ જવાના સુમસામ રસ્તે લઇ જઇ પેસેન્જરોને છરી જેવા તીક્ષ્ણ હથિયાર બતાવી પોતાની પાસે જે કાંઇ હોય તે આપી દેવા કહેતા ભોગ બનનાર બન્ને પેસેજરોએ પ્રતિકાર કરતા આરોપીઓએ છરી વડે મરનાર અનુપસીંગને શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડી મોત નિપજાવી તેઓની પાસેના રોકડા રુ.૧૦,૦૦૦.૦૦ તથા બે મો.ફોનની લુંટ કરી નાસી ગયેલાનો બનાવ બનતા દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુરનં.૨૬/૧૫ ઇપીકો ૩૦૨, ૩૯૭, ૧૧૪ વિગેરે મુજબનો ગુનો દાખલ થવા પામેલ.

તાજેતરમાં બનેલા આંગડીયા લુંટ, ખુન, ખુનની કોશીષ, લુંટ, જેવા ગુનાઓ સબંધે ખાસ પો.કમિ., ક્રાઇમ શ્રી એ.કે.શર્મા સા.ની સુચનાથી ડી.સી.પી.શ્રી હિમાંશુ શુકલા સા.નાઓએ આવા ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપતા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના તમામ અધિ.તથા માણસો અલગ અલગ ટીમો બનાવી ફરીયાદની વિગતે ઓટો રીક્ષા તથા આરોપીઓની શોધમાં લાગી ગયેલ.

પરિણામ સ્વરુપે આજરોજ પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી, તથા તેમની ટીમના પો.સ.ઇ.શ્રી ડી.એસ.ગોહિલ, શ્રી સી.બી.ચૌધરી, શ્રી જે.પી.રોજીયા, શ્રી જે.એન.ઝાલા તથા તેમની ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો.સિધ્ધરાજસીંહ મહિપાલસીંહ નાઓને મળેલ બાતમી હકિકત આધારે ગુનામા આરોપીઓએ વાપરેલ ઓટો રીક્ષા નંબર જીજે ૧ એએક્ષ ૪૫૬૧ માં બેસી ત્રણેય આરોપીઓ અમદાવાદ શહેર છોડી નાસી જવાની ફીરાકમાં છે તેવી બાતમી હકિકત આધારે વોચમાં હતા તે દરમ્યાન આરોપી (૧) અબ્દુલસઇદ અબ્દુલકરીમ શેખ ઉવ.૨૦ રહે.બ્લોક નં.૩, રુમ નં.૯૩, સિકંદરબક્ષ નગર ચાર માળીયા (ગાંધી આવાસ યોજના), સંતોષીનગરના છાપરા સામે, ખોડીયારનગર, દાણીલીમડા, અમદાવાદ (૨) આસીફ ઉર્ફે

જાડીયો ડ/o સાઉલહમીદ શેખ ઉવ.૨૦ રહે.બ્લોક નં.૫૪, મકાન નં.૭૮૬ સદ્‌ભાવનાનગર ચારમાળીયા, વટવા રેલ્વે ફાટક પાસે, વટવા અમદાવાદ શહેર.તથા (૩) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓને ઓટો રીક્ષા નંબર જીજે ૧ એએક્ષ ૪૫૬૧ સાથે કલાક ૨૩.૪૫ વાગે જુહાપુરા ચાર રસ્તા પાસેથી પકડી લીધેલ છે.જેઓની ઝડતીમાંથી રીક્ષા, લુંટમાં ગયેલ બે મો.ફોન વિગેરે મળી આવતા તેઓની ઉંડાણપુર્વક પુછપરછ કરતા ઉપરોક્ત દાણીલીમડા ખાતે દાખલ થયેલ ગુનાની કબુલાત કરતા હોય, ઉક્ત દાણીલીમડા પો.સ્ટે.ના ગુનાનો ભેદ ગણતરીના કલાકોમાંજ ઉકેલી નાંખેલ છે.

ઉપરોક્ત આરોપીઓ પૈકી આરોપી આસીફ ઉર્ફે જાડીયો તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાએ અન્ય સાગરીતો સાથે મળી છેલ્લા વિસેક દિવસ દરમ્યાન ગીતા મંદીર એસટી સ્ટેન્ડ તથા કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતેથી રીક્ષામાં પેસેન્જરોને બેસાડી સુએઝફાર્મ પાસે તેમજ જમાલપુર બ્રિજ નીચે લઇ જઇ એકલ દોકલ પેસેન્જરોને હથિયાર બતાવી ધાક ધમકી આપી તેઓની પાસેની કિમતી ચીજો તેમજ રોકડ રકમ લુંટી લીધેલાના ચાર જેટલા ગુનાઓને અંજામ આપેલ છે.

ઉક્ત પકડાયેલ પૈકી નં.(૧) અબ્દુલસઇદ નાનો દાણીલીમડા પો.સ્ટે.માં અગાઉ શરીર સબંધી ગુનામાં પકડાયેલ છે.જ્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર પણ અગાઉ દાણીલીમડા પો.સ્ટે.માં રીક્ષા ચોરીમાં એક વખત પકડાયેલ હોવાની હકિકત જણાઇ આવેલ છે.

## <u>આરોપીઓની ગુનો કરવાની મોડસ ઓપરેન્ડી</u>

- ✔ પેસેન્જરોને સસ્તા ભાડે લઇ જવા.એટલેકે શટલના ભાડે લઇ જવા લલચાવવા.
- ✔ વાતોવાતમાં પેસેન્જરને જે જગ્યાએ જવાનું છે તે રસ્તો તેણે જોયેલ છે કે કેમ ? તે ચકાસી લેવું.
- ✔ ઓટો રીક્ષામાં ગેસ પુરાવવાનું બહાનું બતાવવું.
- ✔ પોતાના સાગરીતોને રસ્તામાં વચ્ચેથી પેસેન્જરો તરીકે બેસાડવા.

પેસન્જરની નજર ચુકવી કિમતી સામાન કાઢી લીધેલ હોય તો કામ થઇ ગયા બાદ રીક્ષા ખરાબ થઇ ગઇ છે તેમ કહી કે બીજા કોઇ બહાને પેસેન્જરને રસ્તા વચ્ચે ઉતારી દેવા.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.